રજૂ તારીખઃ–	૦૫/૦૬/૨૦૨૪		
નોંધ્યા તારીખઃ–	૦૫/૦૬/૨૦૨૪		
ફેંસલ તારીખઃ–	૩૦/૦૩/૨૦૨૬		
અવધિઃ–	વર્ષ	માસ	દિવસ
	૦૧	૦૯	૨૫
આંકઃ–	**૧૪**		

મે.રાજકોટના ૫માં અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, રાજકોટ.

<u>ફોજદારી અપીલ નં. ૪૦૮/૨૦૨૪</u>

અરજદાર/એપેલેન્ટઃ

(મુળ આરોપી)

હર્ષિતભાઈ એમ. સોજીત્રા,
ઉ.આ. પુખ્ત, ધંધો–નોકરી,
રહે. ગજાનન એચ.એમ. એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર,
ચંપક નગર શેરી નં.૫, પેડક રોડ, રાજકોટ.

વિરુદ્ધ

સામાવાળા/રીસ્પોન્ડન્ટઃ

(મુળ ફરિયાદી)

૧. શ્રી જેનીશભાઈ વિજયભાઈ રાદડીયા,
તે આર.ડી.એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર,
ઠે. આર.ડી.એન્ટરપ્રાઈઝ, સર્વે નં.૨૭૪,
મસ્તક પોલીમર્સની બાજુમાં,
માધવ ઈન્ડસ્ટ્રીયલ એરીયા, સ્મશાન રોડ,
વેરાવળ (શાપર), તા.કોટડાસાંગાણી, જિ.રાજકોટ.

૨. શ્રી સરકાર, થ્રુ ડી.જી.પી., રાજકોટ.

બાબતઃ ***ક્રી.પ્રો.કોડની કલમ–૩૭૪ મુજબ અપીલ.***

એપેલેન્ટ/મુળ આરોપી તરફે : એલ.એ.ડી.સી.વિ.વકીલશ્રી એમ.પી.સોલંકી
સામાવાળા નં.૧/મુળ ફરિયાદી તરફે: વિ.વ.શ્રી એ.સી.ફળદુ
સામાવાળા નં.૨/સરકાર તરફે :વિ.એ.પી.પી.શ્રી ટી.એસ.માથુર

-// <u>ઠ રા વ</u> //-

(૧) આ કામના અપીલકર્તા (મુળ આરોપી) તરફે હાલની અપીલ દાખલ થયેલ છે, જે અપીલની સંક્ષિપ્ત હકીકત એવી છે કે, આ કામના અપીલકર્તા વિરુધ્ધ આ કામના સામાવાળા નં.૧ નાએ રાજકોટના મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ-૧૩૮ મુજબની ફરીયાદ આપેલ જેને ફોજદારી કેસ નં. ૩૭૯૮૫/૨૦૨૧ આપવામાં આવેલ. જે કેસ રાજકોટના ચીફ જ્યુડી. મેજી.શ્રીની કોર્ટમાં ચાલી જતા જે લગત આ કામના અપીલકર્તા (મુળ આરોપી)ને ક્રિ. પ્રો. કોડની કલમ-૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી આરોપીને ૦૧ વર્ષની સાદી કેદની સજા ભોગવવા તથા ક્રીમી.પ્રોસીજર કોડની કલમ-૩૫૭(૩) મુજબ ફરિયાદીને વળતર પેટે રૂ૦ ૬,૫૩,૯૮૪/- દિન-૬૦ માં ચુકવી આપવા અને તેમાં કસુર થયેથી વધુ ૦૧(એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો તા.૦૯/૦૫/૨૦૨૪ ના રોજ ટ્રાયલ કોર્ટે આંક-૩૧ થી ફરમાવેલ હુકમથી નારાજ થઈને હાલની અપીલ દાખલ કરેલ છે.

(૨) આ અપીલના કામે સામાવાળાઓને ને પ્રોસેસની બજવણી થયેલ છે. સામાવાળા નં.૨ તરફે વિ.એ.પી.પી.શ્રી જ્યારે સામાવાળા નં.૧ (મુળ ફરીયાદી) તરફે વિ. વ. શ્રી એ.સી.ફળદુ હાજર થયેલ છે. આ અપીલના કામે ટ્રાયલ કોર્ટનું રેકર્ડ મંગાવવામાં આવેલ છે.

(૩) આ કામે અપીલકર્તા (મુળ આરોપી) તરફે આંક–૧૩ થી લેખિત દલીલો રજુ રાખેલ છે જ્યારે રીસ્પોન્ડન્ટ (મુળ ફરીયાદી) તરફે તેમના વિ.વકિલશ્રી દ્વારા આંક–૧૨ થી લેખિત દલીલો રજુ રાખવામાં આવેલ છે. બન્ને પક્ષો તરફે રજુ થયેલ લેખિત દલીલો વંચાણે તેમજ ધ્યાને લેવામાં આવેલ છે.

(૪) હાલની અપીલના નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા કાઢવામાં આવે છે.

:: મુદ્દા ::

(૧) શું વિધ્વાન રાજકોટના વિ. ચીફ જ્યુડી. મેજી.શ્રીની અદાલત દ્વારા ક્રિમીનલ કેસ નં. ૩૭૯૮૫/૨૦૨૧ ના કામે તા.૦૯/૦૫/૨૦૨૪ ના રોજ આંક–૩૧ થી કરવામાં આવેલ વાદગ્રસ્ત હુકમ ભૂલભરેલ, ગેરકાયદેસર અને કાયદાની જોગવાઈ વિરુદ્ધનો છે? અને શું તેથી તેમાં હાલની આ અપીલના કામે હસ્તક્ષેપ કરવો જરૂરી જણાય છે?

(૨) શું હુકમ?

::કા ર ણો::

મુદ્દા નં.૧:–

(૫) આ કામે હવે પછી અપીલકર્તા ને "આરોપી" તથા સામાવાળા નં. ૨ ને "ફરીયાદી" તરીકે સંબોધવામાં આવેલ છે. સદર કામે અપીલ મેમો વંચાણે લીધો. આ કામે મુળ ફોજદારી કેસની હકીકત એવી છે કે, ફરીયાદી રાજકોટ મુકામે બેંક એકાઉન્ટ ધરાવે છે અને આર.ડી.એન્ટરપ્રાઈઝ નામથી ઉપરોકત સરનામે પ્રોપરાઈટર દરજ્જે અલગ અલગ પ્રકારની કિચનવેરની વસ્તુઓ બનાવવાનો ધંધો કરે છે. આ કામના આરોપીઓ એકબીજા સાથે ધંધાકીય કોન્ટેકમાં આવતા આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી કિચનવેરની પ્રોડક્ટ ખરીદ કરવાનુ ચાલુ કરેલું. જેમાં તેઓએ ફરીયાદી પાસેથી ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ ના લેઝર શીટ મુજબ

તા.૦૧/૦૪૨૦૨૧ થી તા. ૧૩/૦૮/૨૦૨૧ સુધીમાં અલગઅલગ બિલના કિચનવેર પ્રોડકટના માલની રૂ૰ ૧૬,૨૩,૯૮૪/– ની ખરીદી કરેલી જે માલના પેમેન્ટ પેટે આરોપીએ રૂ૰ ૯,૭૦,૦૦૦/– બેંક મારફત જમા કરાવેલા ત્યારબાદ બાકી રહેતી રકમ રૂ૰ ૬,૫૩,૯૮૪/– આરોપી પાસેથી લેવાના નીકળતા હોય જે બાકી રહેતી રકમની માંગણી કરતા આરોપીએ એમની પેઢીના ખાતાવાળી એકસીસ બેંક લિ., શાપર વેરાવળ બ્રાન્ચ, તા.કોટડાસાંગાણી, જી.રાજકોટના ખાતા નં.૯૨૦૦૨૦૦૧૯૮૧૯૬૬૭ ના ચેક નં ૦૧૨૮૫૩ રૂ૰ ૧,૦૦,૦૦૦/–, તા.૦૯/૦૮/૨૦૨૧ અને ચેક નં.૦૧૨૮૫૪, રૂ૰ ૫,૫૩,૯૮૪/–, તા. ૧૩/૦૮/૨૦૨૧ મળી કુલ રૂ૰ ૬,૫૩,૯૮૪/– ના ફરીયાદીને આપેલા. ઉપરોકત બન્ને ચેક આપી આરોપીએ ફરીયાદીને પુરા વિશ્વાસ અને વચન આપી કહેલું કે, આ ચેક તમારા ખાતામાં નાખતા તમોને તમારી રકમ બેંક ચેક મારફત તમારા ખાતામાં જમા થઈ જશે આરોપીએ આપેલ વિશ્વાસ અને વચનના આધારે ફરીયાદીએ તેઓની આર.ડી.એન્ટરપ્રાઈઝના નામના ખાતાવાળી કેનેરા બેંક, ભક્તિનગર સર્કલ બ્રાંચ, રાજકોટના ખાતા ન. ૩૮૮૮૨૬૧૦૦૦૦૫૯ મા ડિપોઝીટ કરતા સદરહુ બન્ને ચેકો તા. ૧૧/૦૮/૨૦૨૧ અને તા.૧૬/૦૮/૨૦૨૧ ના રોજ "ફંડ ઈનસફીસીયન્ટ" ના શેરા સાથે ચેકો પરત કરેલ. જેની જાણ બેંક દ્વારા ફરીયાદીને થતા ફરીયાદીએ તેમના વિ.વ શ્રી દ્વારા ડીમાન્ડ નોટીસ તા.૧૯/૦૮/૨૦૨૧ ના રોજ આપેલી જે નોટીસ આરોપીને તા ૨૩/૦૮/૨૦૨૧ ના રોજ મળી ગયેલ છે. આમ છતા આ કામના આરોપીએ ચેકમાં જણાવ્યા મુજબની રકમ કે કોઈ રકમ ચુકવી નથી જેથી ફરિયાદી દ્વારા આ કામના આરોપી ધી નોગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ ગુનાહીત કૃત્ય કરેલ હોવાથી તે મુજબની ફરિયાદ દાખલ કરેલ જે ફોજદારી કેસના કામે હાલના એપેલેન્ટ/મુળ આરોપીને વિ. ટ્રાયલ કોર્ટે તકસીરવાન ઠરાવી કેદના સજા તેમજ વળતર ચુકવવા હુકમ કરેલ તે હુકમથી નારાજ થઈ એપેલેન્ટ/મુળ આરોપી દ્વારા હાલની અપીલ દાખલ કરેલ છે.

સદર કામે આરોપી તરફે અપીલ મેમોમાં તેમજ આંક–૧૩ થી રજુ લેખિત દલીલોમાં મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, નામ. ટ્રાયલ અદાલતનો હુકમ ગેરકાયદેસરનો ભુલ ભરેલો કાયદાની જોગવાઈ વિરુધ્ધનો છે. મુળ કામે ર્કેરડ પર રહેલ પુરાવા હકીકતોને તપાસતા એપેલેન્ટ

વિરૂદ્ધ પ્રથમદર્શનીય એન.આઈ.એક્ટની કલમ–૧૩૮ અન્વયેના ગુનાના કોઈ જ તત્વો જણાઈ આવેલ નથી કે કોઈ પુરાવો આવેલ નથી. ફરિયાદીની જે ઉલટતપાસ થયેલ છે તેમાં આરોપી દ્વારા બચાવપક્ષે ઘણીંજ સાપેક્ષ અને સત્ય હકીકતો રેકર્ડ પર લાવેલ છે તેમજ આરોપી તરફે લેખિત દલીલ પણ રજુ કરવામાં આવેલ છે તેમ છતાં નામ. ટ્રાયલ કોર્ટ દ્વારા પુરાવાને ધ્યાનમાં લીધેલ નથી અને ફરિયાદીની તરફેણમાં પોતાની રીતે મનસ્વી અનુમાન કરી અને આખર હુકમ ફરમાવેલ છે. આ કામે મુળ ફરિયાદી એપેલેન્ટ સાથેનો કહેવાતો વ્યવહાર સાબીત કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે. ફરિયાદીએ ચેકોનો દુરઉપયોગ કરેલ હોવા છતાં એપેલેન્ટ વિરૂદ્ધ અનુમાન કરીને આખર હુકમ કરેલ છે. વધુમાં આ કામના એપેલેન્ટના રીસ્પોન્ડન્ટ નં.૧ નાએ ચેકનો દુરઉપયોગ કરીને તેમજ તકરારી ચેકોની કાયદાકિય જોગવાઈઓ વિરૂદ્ધ જઈને ગેરઉપયોગ કરેલ હોવાની સ્પષ્ટ હકીકતો તેમજ મુળ ફરિયાદી દ્વારા મુળ ફરિયાદ કામે જણાવવામાં આવેલ હકીકતો વિરોધાભાસી અને કુદરતી નિત્યક્રમ વિરૂદ્ધની હોવા છતાં તે સંબંધોની હકીકતો પરત્વે કોઈ ગંભીરતા દાખવવાને બદલે નામ. ટ્રાયલ અદાલત દ્વારા એપેલેન્ટ વિરૂદ્ધ અનુમાન કરીને કાયદા તેમજ હકીકતની ભુલ કરેલ છે. વટાઉખત અધિનિયમની જોગવાઈ જોતા માત્ર ચેકનો કબજો પુરતો નથી, ફરિયાદપક્ષે લેણું સાબીત કરવું પડે. લેણું પણ કાયદેસરના સ્વરૂપનું હોવું જોઈએ જે બાબતને ગૌણ ગણી મીકેનીકલી હુકમ ફરમાવેલ છે. ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી રહીત સાબીત કરવાનો હોય છે અને કાયદાના સિદ્ધાંત મુજબ ફરિયાદીના કેસમાં સહેજ પણ શંકા ઉત્પન્ન થતી હોય તો તેનો લાભ મેળવવા આરોપી હંમેશા હક્કદાર રહે છે. આ કામે ફરિયાદી પોતાનો કેસ શંકાથી પર સાબિત કરી શકેલ નથી. વધુમાં આ કામે પ્રથમ તો રીસ્પોન્ડન્ટ પોતે ફરીયાદ કરવા હકકદાર છે કે કેમ તે જોવામાં આવે તો હાલના રિસ્પોન્ડન્ટ આર.ડી.એન્ટરપ્રાઈઝ ના નામથી ચાલતી પેઢીના માલીકની હેસીયતથી હાલની ફરીયાદ દાખલ કરેલ છે. પરંતુ સદર સમગ્ર ફરીયાદના કામે રીસ્પોન્ડન્ટ પોતે આર.ડી.એન્ટરપ્રાઈઝ નામથી ચાલતી પેઢી ના માલીક છે કે કેમ ? તે અન્વયે લેશમાત્ર દસ્તાવેજ રજુ કરેલ નથી અને આમ, રીસ્પોન્ડન્ટ પોતે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ જયારે ફરીયાદ કરવામાં હકક અધીકાર ધરાવતા ન હોય તો ત્યારે તેવા સંજોગોમાં નેગો.ઈન્સ.એકટની

કલમ – ૯ અન્વયે તેઓ ચેકના હોલ્ડર ઈન ડયુ કોર્સ ન હોય અને હાલની ફરીયાદ કરવાનો તેઓને કોઈ હકક અધીકાર રહેતો નથી. રીસ્પોન્ડન્ટ પોતાની આંક–૪ વાળી લેખીત જુબાનીની ઉલટતપાસ માં પુછવાથી જણાવે છે કે સદરહું ફરીયાદમાં, રીસ્પોન્ડન્ટએ મોકલેલ નોટીસ તથા વકિલાતપત્રમાં હર્ષિત રૈયાણી લખેલ છે જે તે ઓએ જાતે તેઓના વિકલશ્રીને આપેલ માહિતી મુજબ જ છે. તથા આ તમામ જગ્યા એ રૈયાણી પર ચેક ચુક કરી ને સોજીત્રા લખેલ છે જે રીસ્પોન્ડન્ટ કબુલ રાખે છે. આમ તમામ ચેક બુક વાળા લખાણની સામે કોઈ જ પ્રકારનું એન્ડોર્સમેન્ટ કરેલ નથી. વધુમાં આ કામે રીસ્પોન્ડન્ટ દ્વારા એપેલેન્ટ પાસે તેઓની કાયદેસરની લેણી રકમ નીકળે છે કે કેમ ? તેવી લેણી રકમ પેટે ફરીયાદ વાળો ચેક આપવામાં આવેલ હતો કે કેમ ? તો તે જોવામાં આવે તો સૌ પ્રથમ આ કામના રીસ્પોન્ડન્ટ દ્વારા આંક–૪ થી પોતાનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જે સરતપાસના સોગંદનામામાં રીસ્પોન્ડન્ટ દ્વારા ફરીયાદને સમર્થન કરતી સરતપાસ આપેલ છે. પરંતુ સમગ્ર સરતાપસ જોવામાં આવેતો એપેલેન્ટ પાસે કયા બીલ પૈકી કે કેટલા નાણાં બાકી પડે છે તે રીસ્પોન્ડન્ટ પોતે જણાવી શકેલ નથી. આમ, હાલના કિસ્સામાં રીસ્પોન્ડન્ટ પોતે તેઓની લેણી રકમ પુરવાર કરી શકેલ નથી. વધુમાં જો રીસ્પોન્ડન્ટ રૂપિયા ૬,૫૩,૯૮૪/– પુરાનું ટ્રાન્ઝેક્શન પોતાની ફરીયાદમા જણાવતા હોય, તો તેવા ટ્રાન્ઝેક્શન પ્રથમ દર્શનીય પુરવાર કરવાનો બોજો રીસ્પોન્ડન્ટના શીરે છે અને તેના માટે લેશમાત્ર પુરાવો રીસ્પોન્ડન્ટે આ કામે રજુ કરેલ નથી અથવા તો ઈરાદા પુર્વક પણ રજુ કરેલ નથી. તેટલુજ નહિ પરંતુ આંક–૧૪ અને ૧૫ વાળા ચેકો તેવા કોઈ કાયદેસરની લેણી રકમ પેટે આપવામાં આવેલા છે કે કેમ તે પણ રીસ્પોન્ડન્ટ પોતે નિઃશંકપણે પુરવાર કરી શકેલ નહી. અને આમ જયારે પ્રથમ દર્શનીય કાયદેસરની લેણી રકમ પણ પુરવાર ન હોય તો તેવા સંજોગોમાં નેગો.ઈન્સ.એકટની કલમ – ૧૩૮ ની જે જોગવાઈ છે તે મુજબ કોઈ દેવું અથવા તો કોઈ જવાબદારી માટે ચેક આપેલ હોવાનું ફરજીયાત છે જયારે હાલના કીસ્સામાં ફરીયાદ કયા પ્રકારની કાયદેસરની લેણી એપેલેન્ટ પાસે નીકળે છે તે અંગે લેશમાત્ર પુરાવો રજુ કરી શકેલ નથી. વધુમાં કઈ તારીખે, કેટલો માલ ખરીદ કરેલો તેનો પણ કોઈ પુરાવો રજુ રાખેલ નથી. પેમેન્ટ અંગેના બેંક સ્ટેટમેન્ટ કે જે રીસ્પોન્ડન્ટના કબજામાં છે તે રજુ રાખેલ નથી તે

સંજોગોમાં વ્યાપારી વ્યવહાર કરવામાં આવેલ છે તે હકીકત સાચી હોવાનું માની શકાય નહીં. વધુમાં આંક–૧૩ નો દસ્તાવેજ રજુ કરવામાં આવેલ છે તે દસ્તાવેજ સી.એ.ની ઓફીસે તેના કોમ્પ્યુટર પર ટાઈપ થયેલ છે તથા તે કોમ્પ્યુટર માંથી ઉતારો કાઢવામાં આવેલ છે તે સી.એ.ના કબજામાં છે અને તે કોમ્પ્યુટરાઈઝ્ડ નકલ રીસ્પોન્ડન્ટને આપેલ છે જે સદરહુ કેસમાં મુકેલ હોય તે સંજોગોમાં ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ તે પુરવાર થયેલ દસ્તાવેજ ગણી શકાય નહીં. ફરિયાદીએ આકામે ૬૫(બી)(૪) મુજબનું કોઈ સર્ટીફીકેટ રજુ કરેલ નથી. વધુમાં ટ્રાયલ કોર્ટ સમક્ષ કેસ દલીલના સ્ટેજ પર આવેલ તે સમયે એપેલેન્ટ તેમના કેસને સમર્થનકારી પુરાવો મળતા સાક્ષી તપાસવા માંગતા હતા અને તે માટે પુરાવાનો હક્ક ખોલી આપવાની અરજી કરેલી જે નામ. કોર્ટે નામંજૂર કરેલી. તેથી તકરારી ચેકની સત્ય હકીકત રેકર્ડ પર લાવી શકેલ નહીં. આમ, ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લઈ નામ. ટ્રાયલ કોર્ટે કરેલ હુકમમાં હસ્તક્ષેપ કરી હુકમ રદ કરી એપેલન્ટની હાલની અપીલ મંજૂર કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) રીસ્પોન્ડન્ટ નં.૧/ મુળ ફરિયાદી તરફે આંક–૧૨ થી લેખિત દલીલો રજુ રાખેલ છે જેમાં મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, નામ. ટ્રાયલ કોર્ટનો હુકમ યોગ્ય તેમજ વ્યાજબી છે તેમાં હકીકત કે કાયદાની કોઈ જ ભુલ રહી જવા પામેલ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે ફરીયાદી આર.ડી.એન્ટરપ્રાઈઝ નામથી પ્રોપરાઈટર દરજ્જે અલગ અલગ પ્રકારની કિચનવેરની વસ્તુઓ બનાવવાનો ધંધો કરે છે. ફરિયાદી તથા આ કામના આરોપી એકબીજા સાથે ધંધાકીય કોન્ટેકમાં આવતા આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી કિચનવેરની પ્રોડક્ટ ખરીદ કરવાનુ ચાલુ કરેલું. જેમાં તેઓએ ફરીયાદી પાસેથી ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ ના લેઝર શીટ મુજબ તા.૦૧/૦૪૨૦૨૧ થી તા. ૧૩/૦૮/૨૦૨૧ સુધીમાં અલગઅલગ બિલના કિચનવેર પ્રોડકટના માલની રૂ৹ ૧૬,૨૩,૯૮૪/– ની ખરીદી કરેલી જે માલના પેમેન્ટ પેટે આરોપીએ રૂ৹ ૯,૭૦,૦૦૦/– બેંક મારફત જમા કરાવેલા ત્યારબાદ બાકી રહેતી રકમ રૂ৹ ૬,૫૩,૯૮૪/– આરોપી પાસેથી લેવાના નીકળતા હોય જે બાકી રહેતી રકમની માંગણી કરતા આરોપીએ એમની પેઢીના ખાતાવાળી એકસીસ બેંક લિ., શાપર વેરાવળ બ્રાન્ચ,

તા.કોટડાસાંગાણી, જી.રાજકોટના ખાતા નં.૯૨૦૦૨૦૦૧૯૮૧૯૬૬૭ ના ચેક નં ૦૧૨૮૫૩ રૂ૦ ૧,૦૦,૦૦૦/–, તા.૦૯/૦૮/૨૦૨૧ અને ચેક નં.૦૧૨૮૫૪, રૂ૦ ૫,૫૩,૯૮૪/–, તા. ૧૩/૦૮/૨૦૨૧ મળી કુલ રૂ૦ ૬,૫૩,૯૮૪/– ના ફરીયાદીને આપેલા. ઉપરોકત બન્ને ચેક આપી આરોપીએ ફરીયાદીને પુરા વિશ્વાસ અને વચન આપી કહેલું કે, આ ચેક તમારા ખાતામાં નાખતા તમોને તમારી રકમ બેંક ચેક મારફત તમારા ખાતામાં જમા થઈ જશે આરોપીએ આપેલ વિશ્વાસ અને વચનના આધારે ફરીયાદીએ તેઓની આર.ડી.એન્ટરપ્રાઈઝના નામના ખાતાવાળી કેનેરા બેંક, ભક્તિનગર સર્કલ બ્રાંચ, રાજકોટના ખાતા ન. ૩૮૮૮૨૬૧૦૦૦૦૫૯ મા ડિપોઝીટ કરતા સદરહુ બન્ને ચેકો તા. ૧૧/૦૮/૨૦૨૧ અને તા.૧૬/૦૮/૨૦૨૧ ના રોજ "ફંડ ઈનસફીસીયન્ટ" ના શેરા સાથે ચેકો પરત કરેલ. જેની જાણ બેંક દ્વારા ફરીયાદીને થતા ફરીયાદીએ તેમના વિ.વ શ્રી દ્વારા ડીમાન્ડ નોટીસ તા.૧૯/૦૮/૨૦૨૧ ના રોજ આપેલી જે નોટીસ આરોપીને તા ૨૩/૦૮/૨૦૨૧ ના રોજ મળી ગયેલ છે. આમ છતા આ કામના આરોપીએ ચેકમાં જણાવ્યા મુજબની રકમ કે કોઈ રકમ ચુકવી નથી જેથી ફરિયાદી દ્વારા આ કામના આરોપી ધી નોગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ ગુનાહીત કૃત્ય કરેલ હોવાથી તે મુજબની ફરિયાદ દાખલ કરેલ જે ફોજદારી કેસના કામે હાલના એપેલેન્ટ/મુળ આરોપીને વિ. ટ્રાયલ કોર્ટે તકસીરવાન ઠરાવી કેદના સજા તેમજ વળતર ચુકવવા હુકમ કરેલ તે હુકમથી નારાજ થઈ એપેલેન્ટ/મુળ આરોપી દ્વારા હાલની અપીલ દાખલ કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીએ આપેલા બન્ને ચેક "ફંડ ઈનશફીસીયન્ટ" ના શેરા સાથે પરત ફરેલા છે તેથી એ હકીકત સાબીત થાય છે કે ચેકની તારીખ, ચેકમાં લખેલ અક્ષરો, ચેકમાં કરેલ સહી તથા ચેક એમ તમામ બાબતો માટે તથા રકમ ચુકવવા માટે બન્ને ચેક પુરતા સક્ષમ અને વેલીડ હતા. જો આરોપીના ખાતામાં પુરતી રકમ હોત તો બન્ને ચેકનું કલીયરીંગ થઈ જાત તે સંજોગોમાં આરોપીનો કોરા ચેક આપવા અંગેનો લીધેલ બચાવ ખોટો છે. વધુમાં ફરિયાદવાળા બન્ને ચેકમાં ,આરોપીની સહી, આરોપીના વી.પી.માં સહી, નકલ રીસીવમાં સહી, પ્લીમાં સહી, જામીન ખતમાં સહી, વોરંટ રદની અરજીમાં સહી, એફ.એસ.ના તમામ પેઈજમાં સહી જોતા આરોપીની સહી ચેક મુજબની જ છે અને તે સંજોગોમાં આરોપીએ જાતે

સહી કરીને ચેક આપેલ હોવાનું સાબિત થાય છે અને તમામ ડોક્યુમેન્ટમાં હસ્તાક્ષર સરખાવતા તે પણ એક જ પ્રકારના હોવાનું જણાઈ આવે છે. ઉલટતપાસમાં ચેકના લખાણ અંગેના કોઈ પ્રશ્નો ફરિયાદીને પુછેલ નથી અને જો આરોપીએ કોરા ચેક આપેલા હોય અને ફરિયાદીએ તેની રીતે ચેકમાં રકમ લખેલ હોય તો ચેકનું લખાણ કોના હેન્ડરાઈટીંગમાં છે તે આરોપીએ એફ.એસ.એલ.ના રીપોર્ટથી સાબીત કરવું પડે. આરોપીએ ફરિયાદીને બન્ને ચેક શા માટે આપેલા હતા તેનો ખુલાસો દર્શાવતો એક પણ પુરાવો આ કામે રજુ થયેલ નથી અને આરોપીએ ચેક જવાબદારી પેટે આપેલ ન હોય તો તે આરોપીએ પુરાવાથી સાબીત કરવું પડે પરંતુ તેવો કોઈ પુરાવો આ કામે રજુ થયેલો નથી. વધુમાં આ કામે ચેક રીટર્ન થયા બાદ આરોપીને લીગલ નોટીસ આપવામાં આવેલ છે, તે નોટીસ આરોપીને મળી ગયેલ હોવા છતાં તેનો કોઈ જવાબ આપેલ નથી. તે સંજોગોમાં એપેલેન્ટની અપીલ રદ કરવા જણાવેલ છે.

(૭) સામાવાળા નં.૨ સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીએ મુખ્યત્વે દલીલ કરેલ છે કે, મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતા ટ્રાયલ કોર્ટે સામાવાળા નં. ૨ નું અપીલકર્તા–આરોપી પાસે કાયદેસરનું લેણુ માની ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ આરોપીની વિરૂદ્ધમાં અનુમાન કરી તે અનુમાનનું ખંડન કરવામાં આરોપી નિષ્ફળ ગયેલા હોય ટ્રાયલ કોર્ટે આરોપીને આક્ષેપિત ગુનામાં તકસીરવાન ઠરાવી સજા ભોગવવા, દંડ ચુકવવા અને તેમાં કસુર થયે વધુ સજા ભોગવવા જે હુકમ કરેલ છે તે હુકમ યોગ્ય અને બરાબર છે તેમાં કોઈપણ પ્રકારની ભુલ નથી માટે અપીલ નામંજુર કરવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

(૮) આ કામે ટ્રાયલ કોર્ટના રેકર્ડ ઉપર આવેલા પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અને ૧૩૯ ની કાનુની જોગવાઈઓની નોંધ લેવી આવશ્યક જણાય છે.

ધી. નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ: ૧૩૮ :–

"સમગ્ર અથવા અંશત દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કોઇ વ્યક્તિ પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક, તે

ખાતામાંથી બીજી વ્યકતિને નાણાં ચુકવવા માટે બેન્કરને લખે અને તેવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક પરત કરે, અને પરત થવાનું કારણ એવું હોય કે ખાતામાંથી જમા રકમ ચેક સ્વીકારવા માટે અપુરતી છે અથવા તે બેંક સાથે સમજુતિથી કરેલી વ્યવસ્થા પ્રમાણે ચેકની રકમ તે રકમ કરતાં વધારે છે, ત્યારે આવી વ્યક્તિએ ગુનો કર્યાનું ગણાશે, અને આ કાયદાની અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા અથવા ચેકની રકમ કરતાં બમણી રકમ સુધીનો દંડ અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

સ્પષ્ટીકરણ: આ કલમના હેતુ માટે "દેવુ અથવા અન્ય જવાબદારી" એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ: ૧૩૯ :–

" વિરુધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે."

(૯) આ કામે નામદાર ઉચ્ચ અદાલતે જુદા જુદા ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ આ અનુમાન તે ખંડનાત્મક પ્રકારનું અનુમાન છે અને આરોપીએ તેનું ખંડન કરતો પુરાવો રેકર્ડ ઉપર રજુ કરવાનો રહે, તે મુજબના સિધ્ધાંતને પ્રસ્થાપિત કરેલ છે. આરોપી ઉપર પુરાવાનો કેવો અને કેટલો બોજો છે તે સંબંધે નામદાર સુપ્રીમ કોર્ટના **હિતેન પી. દલાલ વિરુધ્ધ ભટીન્દરનાથ બીન્દ્રે, ૨૦૦૧ એ.એલ.એલ એમઆર (ક્રિમીનલ), પાના નં. ૧૪૯૭: ૨૦૦૧(૬) એસ.સી.સી., પાના નં. ૧૬** ના ચુકાદામાનાં પુરાવાના મુલ્યાંકન અંગેના સિધ્ધાંતને પણ ધ્યાને લેવાનું અને જેને હું આ તબક્કે નોંધવા આવશ્યક ગણુ છું.:–

"22. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter, all that is meant is that the prosecution is

obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non-existence of the presumed fact.

23. In other words, provided the facts required to form the basis of a presumption of law exist, no discretion is left with the court but to draw the statutory conclusion, but this does not preclude the person against whom the presumption is drawn from rebutting it and proving the contrary. A fact is said to be proved when, after considering the matters before it, the court either believes it to exist, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists. Therefore, the rebuttal does not have to be conclusively established but such evidence must be adduced before the court in support of the defence that the court must either believe the defence to exist or consider its existence to be reasonably probable, the standard of reasonability being that of the prudent man."

(૧૦) ઉપરોકત ચુકાદાના પેરા–૨૩ માં પુરાવાના મુલ્યાંકન સંબંધેની જે ચર્ચા કરવામાં આવેલી છે તે ધ્યાને લેતાં ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ–૩ માં જે સાબિતી અંગેની વ્યાખ્યા કરવામાં આવેલ છે, તે મુજબ કોઈ હકીકત ત્યારે સાબિત થયેલ છે તેમ ગણી શકાય, કે જયારે તે હકીકત સંબંધે કહેલ બાબતે વિચારતા અદાલત તે મુજબનું અસ્તિત્વ હોવાનું માને અથવા તેનુ અસ્તિત્વ એટલી હદે સંભવિત માને કે એક સમજદાર વ્યક્તિ જે તે કેસના સંજોગો હેઠળ એવી ધારણાથી વર્તે કે તેનું અસ્તિત્વ છે, તો તેવા સંજોગોમાં તે હકીકતો સાબિત થયેલ છે તેમ ગણાય તેવો નિર્દેષ મળે છે.

(૧૧) ઉપરોકત સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી ટ્રાયલ કોર્ટ સમક્ષ પક્ષકારો એ રજુ કરેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું તલસ્પર્સી મુલ્યાંકન કરતા, ફરીયાદીએ તેમની ફરીયાદ હકીકતને પુરવાર કરવા સોંગદનામા ઉપરની જુબાની રજુ કરેલ છે, અને આંક–૧૩ થી ૨૨ અને ૨૯ સુધીના દસ્તાવેજો રજુ કરેલા છે. સદર કામે ફરીયાદીની સોગંદનામાં ઉપરની જુબાની આંક–૪ થી રજુ થયેલ છે, જેમાં ફરીયાદ મુજબની હકીકતો દર્શાવેલ છે. આરોપીપક્ષ તરફેની ઉલટતપાસ કરેલ છે. ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં જણાવેલ છે કે, ફરિયાદીએ પોતાની ફરિયાદ સાથે લેજરશીટ રજુ કરેલ છે, તે સી.એ.એ તૈયાર કરેલ છે. ફરિયાદમાં દર્શાવેલ રકમ ઈન્કમટેક્ષ રીટર્નમાં દર્શાવેલ છે. જે ઈન્કમટેક્ષ રીટર્ન આ કામે રજુ કરેલ છે. લેજરશીટમાં આરોપી દ્ધારા રૂ૦ ૯,૭૦,૦૦૦/– બેંક મારફતે જમા કરાવેલા છે તેની પણ એન્ટ્રી છે. બાકીની રકમ ફરિયાદીએ પોતાના ઈન્કમટેક્ષ રીટર્નમાં પણ દર્શાવેલ છે અને આજ રકમના બે ચેકો પણ આપવામાં આવેલ છે. આ કામે આરોપીએ એફ.એસ.માં જણાવેલ છે કે, “અમોએ માલ ખરીદેલ નથી અને ખોટા બીલો ઉભા કરેલા છે" પરંતુ આ સંબંધે આરોપીએ બેંકને સ્ટોપ પેમેન્ટ બાબતે કોઈ જાણ કરેલ હોય કે પોલીસ સ્ટેશનમાં કોઈ ફરિયાદ કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. ચેક સંદર્ભે આરોપીને નોટીસ મોકલાવેલ છે. જેના જવાબમાં આરોપીએ જણાવેલ છે કે નોટીસ અમોને બજેલ નથી, પરંતુ આ કામે પોસ્ટનો ટ્રેકીંગ રીપોર્ટ રજુ થયેલ છે. ફરિયાદીને ઉલટતપાસમાં સવાલ કરવામાં આવેલ છે કે, ગજાનન એચ.એમ.એન્ટરપ્રાઈઝ, એચ.આર.એન્ટરપ્રાઈઝ તથા દેવ મર્ચન્ટ પેઢીઓને તમે માલ આપો છો? જેના જવાબમાં ફરિયાદીએ જણાવેલ છે કે, ગજાનન એચ.એમ.એન્ટરપ્રાઈઝને માલ આપીએ છીએ. આ કામે આંક–૧૩ થી આર.ડી.એન્ટરપ્રાઈઝનું એકાઉન્ટ સ્ટેટમેન્ટ રજુ થયેલ છે. આર.ડી.એન્ટરપ્રાઈઝ નામની પેઢીના માલીક અન્ય કોઈ વ્યક્તિ છે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. ચેકોમાં આરોપીએ સહી કરેલ છે. ફરિયાદીએ આરોપીને કાયદેસરની નોટીસ આપેલ છે. વધુમાં ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં નામ. સુપ્રીમકોર્ટનું સી.સી.આલ્વી હાજી, ક્રમીનીલ અપીલ નં. ૭૬૭/૨૦૦૭ ના ચુકાદા પર આધાર રાખેલ છે. આમ, ટ્રાયલ

કોર્ટનો ચુકાદો ધ્યાને લેતા ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં બચાવપક્ષની તમામ દલીલોના કારણ સહિત જવાબ આપેલ છે.

(૧૨) મુળ ફોજદારી કેસના કામે આંક–૧૩ થી ૨૨ અને ૨૯ સુધી દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે. સદર આંક–૧૪ અને ૧૫ વાળા ચેક જોવામાં આવે તો આરોપીએ ફરિયાદીને તેમના નામજોગ તેમના એક્સિસ બેંકમાં આવેલ ખાતાના ચેક નં. ૦૧૨૮૫૩, તા. ૦૯/૦૮/૨૦૨૧ ના રોજનો રૂપીયા ૧,૦૦,૦૦૦/– નો તેમજ ચેક નં. ૦૧૨૮૫૪, તા. ૧૩/૦૮/૨૦૨૧ ના રોજનો રૂપીયા ૫,૫૩,૯૮૪/– નો આ કામના આરોપીએ તેમની સહી કરી ફરિય્રાદીને આપેલ હોવાનુ ફલીત થાય છે. આમ, આરોપી તરફેની રજુઆત મુજબ આરોપીએ ફરિયાદીને આપેલ ચેકનો ફરિયાદીએ દુરઉપયોગ કરી આરોપી સામે ખોટી ફરિયાદ કરેલ હોવાની રજુઆત માની શકાય તેમ નથી. આમ, આરોપીએ ફરિયાદી પાસેથી ખરીદેલ માલની કાયદેસરની રકમની ચુકવણી પેટે આંક–૧૪ અને ૧૫ વાળા ચેકો ફરિયાદીને આપેલ હોવાની હકીકત ફરિયાદી તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા પ્રથમદર્શનીય રીતે પુરવાર થતુ હોવાનું ફલીત થાય છે. વધુમાં સદરહુ લેણી રકમ આરોપીએ ફરિયાદીને ચુકવી આપેલ છે તે રેકર્ડ પર લાવી પુરવાર કરવી જોઈએ અથવા તો આરોપીએ પોતે જ્યારે આ ચેક નાખવામાં આવ્યા ત્યારે પુરતુ બેલેન્સ પોતાના ખાતામાં હતુ તેવો પુરાવો રજુ કરવો જોઈએ, પરંતુ આ કામે આરોપીનો વાદગ્રસ્ત ચેક જે દિવસે બેંકમાં જમા થયા તે દિવસે પુરતુ બેલેન્સ હતુ તેવો કોઈ પુરાવો આરોપીપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તેથી આરોપીનો બચાવ ટ્રાયલ કોર્ટે શંકાસ્પદ માનેલ છે અને તેથી પડેલ પુરાવાઓની મુલવણી મુજબ ફરિયાદીની તરફેણમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ ના અનુમાનોનું ખંડન કરી શકે તેટલો પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પણ પુરાવો આપી, આરોપી અનુમાનનું ખંડન કરી શકેલ નથી અને તેથી આરોપીના ખાતાના ફરિયાદવાળા ચેક ફરિયાદીના કાયદેસરના લેણાની ચુકવણી પેટે તથા આરોપીના કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવા દેવાની ચુકવણી પેટે ફરિયાદીને આપેલા છે તે હકીકત ફરીયાદી નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ હોવાનું ફલીત થાય છે.

(૧૩) વધુમાં, આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ સોંગદ ઉપરની જુબાનીમાં ચેક, રીટર્ન મેમો, નોટીસ, એકનોલેજમેન્ટ વિગેરે દસ્તાવેજો રીફર કરેલ છે અને આંક–૧૩ થી ૨૨ અને ૨૯ સુધી દસ્તાવેજો રજુ કરેલા છે. સદર કામે આંક–૧૪ અને ૧૫ વાળા ચેક ફરીયાદીએ બેંકમાં ભરતાં તે ચેક આંક–૧૬ અને ૧૭ થી રજુ રીટર્ન મેમાઓ મુજબ "ફંડ ઈનસફીશીયન્ટ" ના શેરા સાથે સ્વીકાર્યા વગર પરત ફરતા, આરોપીને ફરીયાદીએ આંક–૧૮ વાળી ડિમાન્ડ નોટીસ તા. ૧૯/૦૮/૨૦૨૧ ના રોજ આર.પી.એડી. પોસ્ટ થી આરોપીને તેમના રહેઠાણના આપવામાં આવેલ છે. જે નોટીસની આંક–૧૯ તથા ૨૦ ની રજી.એડી.ની સ્લીપ તેમજ આંક–૨૧ તેમજ આંક–૨૨ થી રજુ થયેલ પોસ્ટ ઓફીસનો ટ્રેકીંગ રીપોર્ટ રજુ કરેલ છે. સદર કામે આંક–૧૪ અને ૧૫ વાળા ચેક જે અસલ છે જે ચેકો સદરકામે આંક–૧૬ તથા ૧૭ થી થી રજુ રીટર્ન મેમા મુજબ સદર "ફંડ ઈનસફીશીયન્ટ" ના કારણે પરત ફરેલ હોવાની ફરીયાદ હકીકતને સમર્થન મળે છે. સદર કામે આંક–૧૮ થી રજુ નોટીસ જોતા ફરીયાદી તરફે ફરીયાદવાળા ચેકો પરત ફરતા આરોપીને તા.૧૯/૦૮/૨૦૨૧ ના રોજ આપેલ વૈધાનિક નોટીસ આપેલ છે, જે સહિ સિક્કાવાળી સ્થળપ્રત છે અને આંક–૧૯ તથા ૨૦ ની આરોપીને નોટીસ રજી એડીથી મોકલ્યાની પાવતી તેમજ આંક–૨૧ તેમજ ૨૨ થી રજુ પોસ્ટ ઓફીસનો ટ્રેક રીપોર્ટ જોતા તે આરોપીના રહેઠાણના સરનામે બજેલ હોવાનું ફલિત થાય છે. આમ, આંક–૧૩ થી ૨૨ અને ૨૯ સુધીના દસ્તાવેજો જોતાં જે પુરાવા કાયદા મુજબ પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય તેમ છે. આમ આરોપીને ડીમાન્ડ નોટીસ યોગ્ય રીતે બજી ગયેલ હોવાની બાબત રેકર્ડ ઉપર આવેલ છે. આરોપીએ નોટીસનો પણ કોઈ જવાબ આપેલ નથી. આમ આરોપીને ચેક રીટર્ન થતાં ડીમાન્ડ નોટીસ બજેલ હોવા છતાં આરોપીએ ફરીયાદીને ચેકના નાણાં ચુકવવા માટે કોઈ પ્રયત્ન કરેલ નથી, તે બાબત પણ રેકર્ડ ઉપર આવેલ છે.

(૧૪) વધુમાં, કાયદાનો પણ એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે નકારાત્મક પુરાવો રજુ કરવાનો ન રહે. આ કામે ફરીયાદી તરફે પ્રથમથી જ આરોપી દ્વારા ફરિયાદી પાસેથી ખરીદેલ માલની રકમ પરત કરવા માટે

ફરીયાદવાળા ચેક આપેલાનું જણાવેલ છે અને આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ કોઈ વિરૂદ્ધની હકીકતો કે ખંડનાત્મક પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આરોપીએ પોતે કોઈ પુરાવો રજુ કરેલો નથી. આરોપીનું એફ.એસ. લેવામાં આવેલ છે.

(૧૫) હવે, ધી એન.આઇ.એકટની કલમ ૧૩૮ લાગુ પડતા પહેલા ત્રણ મુખ્ય શરતોનું પાલન થવુ આવશ્યક છે જે, (૧) ચેક કાયદેસરના દેણા પેટે અપાયેલ હોય અને તે સમયમર્યાદામાં બેંકમાં રજુ કરાયો હોય, (૨) ચેક પરત ફરતાં સમયમર્યાદામાં આરોપીને નોટીસ અપાયેલી હોવી જોઇએ, (૩) નોટીસ બાદ પણ ચુકવણું થયુ ના હોય, આ તમામ શરતો પરિપુર્ણ થતી હોય તો તે વ્યક્તિએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે તેમ માનવાની કાયદાકીય જોગવાઇ છે. ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં બચાવપક્ષની દલીલોના કારણો સહિત જવાબ આપેલ છે તેમજ નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ પણ ધ્યાને લીધેલ છે. આ કેસમાં કાયદાકિય જોગવાઈઓ પરિપુર્ણ થયેલ છે અને તે પ્રમાણે ટ્રાયલ કોર્ટે સજા કરેલ છે. ટ્રાયલ અદાલતે ગુણ–દોષ ઉપર કેસનો નિકાલ કરેલ છે. જે કારણો જણાવેલ છે તે યોગ્ય કારણો જણાઈ આવે છે. જેથી ટ્રાયલ અદાલતનો ચુકાદો ધ્યાને લેતા તેમાં હસ્તક્ષેપ કરવાપાત્ર જણાઈ આવતુ નથી.

(૧૬) સદર કામે ઉપરોકત ચર્ચા તથા હાથ પરના કેસની હકીકત અને રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતાં ફરીયાદપક્ષ ફરીયાદ હકીકત મુજબ ફરિયાદી અને આરોપી વચ્ચે ધંધાકિય સંબંધો હોવાની હકીકતને સમર્થન મળતુ હોવાનું ફલિત થાય છે જે આધારે ફરિયાદીએ આરોપીને ફરિયાદ હકીકત મુજબ રૂપિયા રૂ૦૧૬,૨૩,૯૮૪/–નો માલ પુરો પાડેલ તેની સામે આરોપીએ ફરિયાદીને રૂ૦ ૯,૭૦,૦૦૦/– બેંક મારફત જમા કરાવી ચુકવી આપેલ પરંતુ બાકી લેણી રહેતી રકમ રૂ૦ ૬,૫૩,૯૮૪/–ની ચુકવણી પેટે આરોપીએ વાદગ્રસ્ત ચેકો આપેલ હોવાનુ, અને તે ચેક બેંકમાંથી સ્વીકાર્યા વગર ""ફંડ ઈનસફીશીયન્ટ"" ના કારણસર પરત ફરેલ હોવાનું, તેમજ સમયમર્યાદામાં આરોપીને વૈધાનિક નોટીસ આપતાં જે

નોટીસ આરોપીને બજવા છતાં આરોપીએ રકમની ચુકવણી કરેલ નહિ હોવાનુ, ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ છે.

(૧૭) આ કામે ટ્રાયલ અદાલતનો ચુકાદો જોતા તેમજ કેસનું રેકર્ડ ધ્યાને લેતા આરોપીને બચાવ કરવા માટે પુરતી તકો આપેલ છે આરોપીએ ફરિયાદીની ઉલટતપાસ પણ કરેલ છે પરંતુ કોઈ વિરૂદ્ધની હકીકતો રેકર્ડ પર આવેલ નથી. ઉપરોક્ત સંજોગોમાં ટ્રાયલ અદાલતનો ચુકાદો ધ્યાને લેતા જે ચુકાદો આપ્યો છે તેમાં હસ્તક્ષેપ કરવાનું ન્યાયોચિત જણાતુ નથી. વિ. ટ્રાયલ કોર્ટે તેમજ અપીલ કોર્ટે આરોપીને પુરતી તકો આપેલી હોય તેવા સંજોગોમાં કેસને રીમાન્ડ કરવાનું પણ ઉચિત જણાતુ નથી. આરોપીની આ પ્રથમ અપીલ હોય જેથી તેના અપીલ મેમોને ધ્યાને લઈને હાલની અપીલનો મેરીટ ઉપર નિર્ણય કરવામાં આવે છે.

(૧૮) સદર કામે વિ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ પોતાના ચુકાદામાં જે તારણો આપેલા છે, તેમજ તે તમામ તારણોના કારણો લખેલા છે અને કઈ રીતે આરોપીનો બચાવ માની શકાય તેમ નથી તે તમામ વિગતો તેઓએ તેઓના ચુકાદામાં સ્પષ્ટ જણાવી છે. આથી પણ સદર ચુકાદામાં હસ્તક્ષેપ કરવું અત્રેની કોર્ટને યોગ્ય લાગતુ નથી.

(૧૯) વધુમાં, આ કામે આરોપી તરફે અપીલ મેમોમાં રજુઆત છે કે, વિધ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા પુરાવાનું યોગ્ય મુલ્યાંકન કરેલ નથી, તથા રેકર્ડ ઉપરના પુરાવા તથા વિરુધ્ધના તારણો આપેલ છે. તે સબંધે મારા ઉપરોકત તારણોને નજર સમક્ષ રાખી, અપીલ અદાલતને પુરાવાના મુલ્યાંકન સંબંધેની કાયદા દ્વારા જે સત્તા આપવામાં આવેલ છે, તેને ધ્યાને લેવામાં આવે તો અપીલના નિર્ણય કરતાં સમયે ચોક્કસપણે જો વિધ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલ તારણો રેકર્ડ બહારના હોય તો અપીલ કોર્ટ પુરાવાના પુન: મુલ્યાંકન બાદ સ્વતંત્ર નિર્ણય ઉપર આવી શકે. પરંતુ સાથોસાથ જો વિધ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા પુરાવાના મુલ્યાંકન સંબંધે વિગતવાર તથા તર્કબધ્ધ કારણો આપ્યા હોય ત્યારે અદાલતે તે કારણોની યથાર્થતા સૌ પ્રથમ ચકાસવાની રહે અને જો તે કારણો ક્ષતિયુકત છે, તેવા તારતમ્ય ઉપર

અદાલત આવે તો જ ટ્રાયલ અદાલતેના અભિપ્રાયમાં હસ્તક્ષેપ કરી શકે. આ કાયકાદીય પરિસ્થિતિને નજર સમક્ષ રાખી, વિધ્વાન ટ્રાયલ કોર્ટના **આંક–૩૧** ના ચુકાદાને વંચાણે લેતાં, વિધ્વાન ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં રેકર્ડ ઉપરની તમામ બાબતોને બારીકાઇથી ચકાસણી કરી, લંબાણપુર્વકની ચર્ચા કરેલ છે અને ઉભયપક્ષે રજુ કરવામાં આવેલ ચુકાદામાંના પ્રસ્થાપિત સિંધ્ધાતોને ધ્યાને રાખીને જ ફરીયાદી, આરોપી સામેના આક્ષેપો પુરવાર કરવામાં સફળ રહેલા છે, તેમજ વિરુધ્ધની કોઇ હકીકતો આરોપીપક્ષે પુરવાર થતી નથી તેમ ઠરાવી, આરોપીને ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ તકસીરવાન ઠરાવતો હુકમ કરેલ છે. તે સંજોગોમાં ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા તથા પુરાવાઓનું મુલ્યાંકન ધ્યાને લેતાં, વિધ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમ તે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો તથા રેકર્ડ ઉપરના પુરાવા મુજબનો જ હોય, હસ્તક્ષેપને પાત્ર નથી, તેમ ઠરાવી મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારાત્મક ઠરાવુ છુ અને મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું:

(૨૦) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે:

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

::હુ ક મ::

/૧/ અપીલ કર્તા (મુળ આરોપી) ની હાલની ક્રિમીનલ અપીલ અરજ આથી **નામંજૂર (રદ્દ)** કરવામાં આવે છે.

/૨/ વિધ્વાન જયુડી. મેજીસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ (મ્યુનિ.)શ્રી, રાજકોટ નાઓએ ફોજદારી કેસ નં. ૩૭૯૮૫/૨૦૨૧ ના કામમાં આ કામના અપીલકર્તા (મુળ આરોપી)ને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી આરોપીને ૦૧ વર્ષની સાદી કેદની સજા ભોગવવા તથા ક્રીમી.પ્રોસીજર કોડની કલમ–૩૫૭(૩) મુજબ ફરિયાદીને વળતર પેટે રૂ. ૬,૫૩,૯૮૪/– દિન–૬૦ માં ચુકવી આપવા અને તેમાં કસુર થયેથી વધુ ૦૧(એક) વર્ષની સાદી કેદની

સજા ભોગવવાનો તા.૦૯/૦૫/૨૦૨૪ ના રોજ ટ્રાયલ કોર્ટે આંક-૩૧ થી ફરમાવેલ હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.

/૩/ આ કામના અપીલકર્તા/ આરોપીનુ અત્રેની કોર્ટે સજા વોરન્ટ ભરવું. આરોપી હાજર ન હોય તો તેની સામે સજા વોરન્ટની અમલવારી કરવા માટે પકડ વોરન્ટ કાઢવું.

/૪/ જો એપેલેન્ટ-મુળ આરોપીએ નામ.કોર્ટમાં કોઈ રકમ ભરેલ હોય તો તે રકમ અને ફરિયાદીને કોઈ રકમ ચુકવેલ હોય તો તે રકમ વળતરની ચુકવવા પાત્ર થતી રકમ માંથી મજરે આપવી.

/૫/ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૨૮ ની જોગવાઈ મુજબ આરોપી જેટલો સમય કાચા કામના કેદી તરીકે જેલમાં રહ્યા હોય તેટલો સમય તેમને સજામાં મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

/૬/ આ કેસનું ટ્રાયલ કોર્ટનું રેકર્ડ આ ઠરાવ-હુકમની એક નકલ સાથે વિ. ટ્રાયલ કોર્ટને પરત મોકલી આપવુ.

આ હુકમ આજ તા.**૩૦,** માહે-**માર્ચ,** સને-**૨૦૨૬** ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

તા. ૩૦/૦૩/૨૦૨૬.
સ્થળઃ રાજકોટ.

(અશ્વિનકુમાર કેશવલાલ શાહ)
GJ00663
પમાં એડીશનલ સેશન્સ જજ,
રાજકોટ